# વિધાનસભા સત્રનો પહેલો દિવસ ૩૫ મિનિટિમાં પૂર્ણ

## રાજયસભાની ચૂંટણીની અસર વિધાનસભા સત્ર પર પણ દેખાઇ : આજે બીજા દિવસે કોંગ્રેસ ગૃહમાં હોબાળો કરશે

ગાંધીનગર,તા. ૭

આજથી શરૂ થયેલા ગુજરાત વિધાનસભાના સત્રનો પહેલો દિવસ માત્ર ૩૫ મિનિટમાં જ પૂર્ણ થઇ ગયો હતો. રાજયસભાની ચૂંટણીના હાઈવોલ્ટેડ ડ્રામા વચ્ચે યોજાયેલા મતદાનની બીજીબાજુ, વિધાનસભા ગૃહના બે દિવસીય સત્રની શરૂઆત થઈ હતી. સત્રમાં કોંગ્રેસના માત્ર ચાર ધારાસભ્યો હાજર રહ્યા હતા, જયારે બાકીના ગેરહાજર રહ્યા હતા. મહાત્મા મંદિર ખાતે મળેલ વિધાનસભા સત્ર તોફાની બનવાની શકયતાઓ સેવાઈ હતી, જો કે, પહેલો દિવસ માત્ર ૩૫ મિનિટમાં જ પૂરો થઈ ગયો હતો. રાજયસભાની ચૂંટણી અને તેની ઉત્તેજનાને લઈ આવી સ્થિતિ જન્મી હોવાનું મનાઇ રહ્યું છે. જો કે, આવતીકાલે સત્રના બીજા દિવસે કોંગ્રેસના ધારાસભ્યો દ્વારા રાહુલ ગાંધી પરના હુમલા, ભાજપની તોડફોડની નીતિ સહિતના મુદ્દે ભારે હોબાળો મચાવાય તેવી શકયતા છે. આજે એક તરફ ગાંધીનગરના સ્વર્ણિમ સંકુલ-૨ ખાતે રાજયસભાની પ્રતિષ્ઠિત ચૂંટણીનું મતદાન ચાલી રહ્યું હતું તો, બીજીબાજુ, મહાત્મા મંદિર ખાતે વિધાનસભા સત્રની શરૂઆત થઈ હતી. કોંગ્રેસના તમામ ધારાસભ્યોને વહેલી સવારે આણંદના નિજાનંદ રિસોર્ટથી લોખંડી સુરક્ષા વચ્ચે સીધા જ રાજયસભાની ચૂંટણીના મતદાન સ્થળે સ્વર્ણિમ સંકુલ-૨ ખાતે લાવવામાં આવ્યા હતા. જયાં મતદાન કર્યા બાદ કોંગ્રેસના ધારાસભ્યો પૈકી ચાર ધારાસભ્યો મોહનસિંહ રાઠવા, ધીરૂભાઈ ભીલ, ડો.અનિલ જોષીપુરા અને બાબુભાઈ વાજા સત્રમાં હાજરી આપવા પહોંચ્યા હતા. જયારે કોંગ્રેસના બાકીના ધારાસભ્યો ગેરહાજર રહ્યા હતા.

રાજયસભાની ચૂંટણી અને કોંગ્રેસના ધારાસભ્યોના આક્ષેપોને લઈ મહાત્મા મંદિર ખાતે વિધાનસભા સત્ર દરમ્યાન પણ લોખંડી સુરક્ષા વ્યવસ્થા તૈનાત કરાઈ હતી. વિધાનસભાના બે દિવસીય સત્રમાં શહેરી જમીન ટોચ મર્યાદા અધિનિયમ સુધારા વિધેયક, સહકારી મંડળી સુધારા વિધેયક, ખેત જમીન ટોચ મર્યાદા સુધારા વિધેયક અને સીંગલ વીન્ડો કલિયરન્સ વિધયેક સહિતના બીલો પસાર કરાય તેવી શકયતા છે.

# વિધાનસભા ગૃહમાં દિવંગત સભ્યોને ભાવભીની અંજલિ

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ વિધાનગૃહના નેતા તરીકે ૧૩મી ગુજરાત વિધાનસભાના ૧૧મા સત્રના પ્રથમ દિવસે શોકદર્શક ઉલ્લેખોમાં વિધાનગૃહના પૂર્વ દિવંગત સભ્યો તથા દિવંગત પૂર્વ રાજ્યપાલને શોકાંજલિ આપી હતી.

વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના પૂર્વરાજ્યપાલ સ્વ. નરેશચંદ્ર સકસેના, વિધાનસભાના પૂર્વસભ્યો સ્વ. બદીઆભાઈ મુળજીભાઈ ગોંદીયા, ડૉ. શાંતાબહેન ખીમજીભાઈ ચાવડા તેમજ રાજ્યમાં અતિવૃષ્ટિ-પૂરના કારણે અવસાન પામેલા નાગરિકોને વિધાનગૃહ વતી શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

# શહેરમાં સમાવિષ્ટ ગામડાઓમાં ખદબદતી ગંદકી : ગ્રામજનો હેરાન

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરના સમાવિષ્ટ ગામોમાં વરસાદ બાદ ગ્રામ્ય વિસ્તારની હાલત કફોડી બની જવા પામી છે. ગ્રામજનો ખદબદતી ગંદકી અને કાદવકિચડ વચ્ચે રહેવા મજબુર બન્યા છે. શહેરમાં રોજ વિવિધ બિમારીના નવા કેસ સામે આવી રહ્યા છે ત્યારે આવી પરિસ્થિતિમાં ગ્રામ્ય વિસ્તારની સફાઈ સત્વરે થાય તેમ ગ્રામ્યજનો ઈચ્છી રહ્યા છે.

તાજેતરમાં સમગ્ર ગુજરાત પર મેઘરાજા મહેરબાન થયા હતા. બનાસકાંઠામાં તો વરસાદ આફતરુપ બન્યો છે. ત્યારે શહેરમાં પણ વરસાદી પાણીને પગલે કાદવ-કિચડ જોવા મળી રહ્યો છે. તો બીજીતરફ શહેરમાં સમાવેશ ગામડાઓની હાલત અત્યંત દયનીય બની જવા પામી છે. શહેરના આદીવાડા, બોરીજ, ફતેપુરા, ઈન્દ્રોડા, સહિતના ગ્રામ્ય વિસ્તારમાં અતિશય ગંદકી જોવા મળી રહી છે. કાદવ-કિચડની વચ્ચે રહેવા ગ્રામજનો મજબુર બન્યા છે. ઠેરઠેર ગંદા પાણીના ખાબોચીયા અને દુર્ગંધયુક્ત પાણીથી મચ્છરોનો ત્રાસ પણ વધી ગયો છે. શહેરમાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળો માથુ ઉંચકી રહ્યો છે. શહેરમાં રોજ વિવિધ રોગના દર્દીઓ સામે આવી રહ્યા છે. ત્યારે ગ્રામ્ય વિસ્તારના નાગરીકો શાંતિથી સુઈ પણ શકતા નથી. મચ્છરોનો કારણે નાગરીકોના આરોગ્ય સામે પણ ખતરો મંડરાઈ રહ્યો છે. તંત્ર દ્વારા સફાઈ ઝુંબેશ હાથ ધરીને તમામ ગ્રામ્ય વિસ્તારની સફાઈ કરી ચોખ્ખુ ચણક કરી દેવામાં આવે તો મચ્છરોનો ત્રાસ ગામના રહીશોને મુકિત મળી શકે તેમ છે. જયારે કાદવ કિચડને પગલે વાહનચલાકોને પણ ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. જયારે રાત્રીના અંધકારમાં ખાડામાં પાણી ભરાઈ રહેતા ગામના કેટલાક નાગરીકો પણ પડતા સામાન્ય ઈજા પહોંચી હોવાના કિસ્સા પ્રકાશમાં આવ્યા છે. ત્યારે સફાઈ શહેરની સાથે ગ્રામ્ય વિસ્તારમાં પણ તંત્ર દ્વારા કરવામાં આવે તે અત્યંત જરુરી છે. અત્યારે હાલના સમયે તો ગ્રામ્ય વિસ્તારના નાગરીકો કાદવ-કિચડની સાથે રહેવા મજબુર બન્યા છે.

# જ-રોડ પર પૂરપાટ વેગે દોડતી કારની ટક્કરથી ઘાયલ કપિરાજનું રેસ્કયુ ઓપરેશન

## મુક્તિધામના જીવદયાપ્રેમીઓની તાત્કાલિક સારવારથી બેમાંથી એક કપિરાજનો જીવ બચાવાયો

ગાંધીનગર,તા. ૮

રક્ષાબંધનના દિવસે સવારે રજાના માહોલમાં શહેરના જ-રોડ પર સરિતાઉદ્યાન પાસે ગતિ મર્યાદાનો ભંગ કરી પૂરપાટ વેગે દોડતી એક કારે બે કપિરાજને હડફેટે લીધા હતા. કારની ટક્કરથી ગંભીર રીતે ઘાયલ આ બંને કપિરાજનું મુક્તિધામના જીવદયા પ્રેમીઓ દ્વારા રેસ્ક્યુ ઓપેરનશ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં એક કપિરાજનો જીવ બચાવવામાં સફળતા પ્રાપ્ત થઈ હતી.



ગાંધીનગરનો જ-રોડ વન્ય વિસ્તારની નજીક હોવાને કારણે અહીં મુખ્ય માર્ગ પર ખાસ કરીને સવારના સમયે અનેક પ્રકારના વન્ય જીવો જેમા કે મોર, નીલ ગાય, સસલાં, નોળિયાં, શિયાળ, હરણ, જંગલી બિલાડા ઉપરાંત કૂતરા-વાંદરા વગેરેની પણ અવરજવર જોવા મળતી હોય છે. આ કારણે આ માર્ગ પર વાહનોની ગતિમર્યાદા પણ નિર્ધારિત કરવામાં આવી છે. આમ છતાં મોટાભાગના વાહનચાલકો આ ગતિમર્યાદાને ધ્યાને લીધા વગર જ બેફામ ગતિએ વાહન હાંકતા જોવા મળે છે. ગત સોમવારની સવારે જ-રોડ પર ટ્રાફિક નહિવત હતો તે પરિસ્થિતિમાં એક સ્વીફ્ટ કાર ચાલકે પૂરપાટ વેગે અહીંથી કાર હંકારી પસાર થતા સરિતાઉદ્યાન પાસે રોડ ક્રોસ કરી રહેલ બે કપિરાજોને હડફેટે લીધા હતા. આ બંને કપિરાજો કારની ટક્કરથી ભયંકર રીતે ઘાયલ થતા માર્ગ પર જ પડી ગયા હતા. લોહીલુહાણ હાલતમાં પડેલા આ કપિરાજોની પરિસ્થિતિ અંગે મુક્તિધામ ખાતે કોલ મળતા તુરંત જ મુક્તિધામના જીવદયાપ્રેમીઓ ચંદુભાઈ કિશોર, વિક્રમ પુરબિયા, વિજયભાઈ ચૌધરી અને જીલુભા ધાંધલ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી બંને કપિરાજોને મુક્તિધામ ખાતે લાવી સારવાર હાથ ધરી હતી. જો કે આ સારવાર દરમ્યાન એક કપિરાજનું મોત થયુ હતુ. પરંતુ એક કપિરાજનો જીવ બચાવવામાં સફળતા મળી હતી. મૃત કપિરાજના વિધિવત અંતિમ સંસ્કાર કરાયા હતા જ્યારે બચી ગયેલ કપિરાજ સાથે મુક્તિધામના સ્ટાફે રક્ષાબંધન ઉજવી હતી. ખરેખર ધન્ય છે મુક્તિધામના જીવદયા પ્રેમીઓને..!!

# ઉવારસદ ગામના તળાવમાંથી આધેડનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર નજીક આવેલા ઉવારસદ ગામમાં સ્થિત તળાવમાંથી આજે સવારના અરસામાં ગામના જ એક આધેડનો તરતો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. લાપતા થયેલા આધેડના તળાવમાંથી મળેલા મૃતદેહ અંગે અડાલજ પોલિસને જાણ થતા ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી અને મૃતદેહ પી.એમ. કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી ઘટનાની બારીકાઈથી તપાસ શરુ કરવામાં આવી છે.

ઉવારસદ ગામમાં રહેતા ૫૦ વર્ષીય મહોતજી રાસાજી ઠાકોરનો મૃતદેહ આજે સવારના અરસામાં ઉવારસદ ગામના તળાવમાંથી તરતો મળી આવ્યો હતો ગ્રામજનોને ઘટનાની જાણ થતા તાત્ત્કાલિક પોલિસને બોલાવી લેવામાં આવી હતી. અડાલજ પોલિસ મથકના જમાદાર મુળજીભાઈ તેમની ટીમ સાથે સ્થળ પર દોડી આવ્યા હતા અને મૃતદેહ બહાર કઢાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી પોસ્ટમોર્ટમ કરાવી વધુ તપાસ શરુ કરવામાં આવી છે. મહોતજી ઠાકોર તળાવ પાસે કેવી રીતે પહોંચ્યા? તેમણે આપઘાત કર્યો કે આકસ્મિક મૃત્યુ થયું કે અન્ય કોઈ રીતે મૃત્યુ થયું? તે અંગે ઝીણવટભરી તપાસ શરુ કરવામાં આવી છે. જો કે હજુ સુધી પોલિસ મૃત્યુના ચોકકસ તારણ પર પહોંચી શકી નથી.

## મોટી આદરજમાં ગામનો યુવાન ડુબ્યો હોવાની આશંકાએ તળાવમાં શોધખોળ

પેથાપુર નજીક મોટી આદરજ ગામમાં સ્થિત તળાવમાં ગામનો જ એક યુવાન ડુબી ગયો હોવાની આશંકાને પગલે ગાંધીનગર ફાયરબ્રિગેડ અને પેથાપુર પોલિસને કૉલ મળતા બંને ટીમો સ્થળ પર પહોંચી ગઈ હતી. તળાવમાં બપોરથી સાંજ સુધી શોધખોળ કરવા છતાં મોડી સાંજ સુધી યુવાનનો કોઈ પત્તો લાગ્યો ન હતો. અંધારું થઈ જતા ફાયરબ્રિગેડની ટીમ પરત ફરી ગઈ હતી. કાલે ફરી શોધખોળ શરુ કરવામાં આવશે.

## ઓનલાઈન જાહેર નિવિદા નં.૧૦

**સને ૨૦૧૭-૧૮**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી સચિવાલય સંકુલ, વિદ્યુત પેટા વિભાગ નં.૧, પાટનગર યોજના ભવન, સેક્ટર નં.૧૬, બ્લોક નં. 'એ', પ્રથમ માળ, ગાંધીનગર-૩૮૨૦૧૬ (ફોન નં. ૨૩૨૫૯૪૭૪-૭૫) દ્વારા ગાંધીનગર ખાતે વિજળીકરણના ૨ (બે) કામના ઓનલાઈન ટેન્ડર જેની અંદાજીત રકમ ૧૦૪૬૩૬.૦૦ થી ૨૯૯૯૫૬.૮૭ છે.

જે માટે યોગ્ય શ્રેણીમાં નોંધણી થયેલ વિદ્યુત પરવાના ધરાવતા વિદ્યુત ઠેકેદારો પાસેથી ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

આ કામના કોરા ટેન્ડરો www.nprocure.com ઉપરથી જોવા મળશે. આ સાઈટ ઉપરથી ઓનલાઈન ટેન્ડર તા. ૯/૮/૨૦૧૭થી તા. ૧૫/૮/૨૦૧૭ના રોજ ૧૮.૦૦ કલાક સુધી અપલોડ / ડાઉનલોડ કરી શકાશે. શક્ય હશે તો ટેન્ડર તા. ૧૬/૮/૨૦૧૭ના ૧૨.૦૦ કલાકે નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી સચિવાલય સંકુલ, વિદ્યુત પેટા વિભાગ-૧, પાટનગર યોજના ભવન, સેક્ટર નં.૧૬, બ્લોક નં. 'એ' પ્રથમ માળ, ગાંધીનગર દ્વારા ઓનલાઈન ખોલવામાં આવશે. ટેન્ડર રૂબરૂમાં / ટપાલથી સ્વીકારવામાં આવશે નહીં.

આ કામની વિગતવાર નોટીસ પેટા વિભાગીય કચેરીના નોટીસ બોર્ડ પર મૂકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીની જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારો અને વિદ્યુત ઠેકેદારોએ રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

માહિતી/૧૨૯૨/૧૭-૧૮

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર
વનબંધુ કલ્યાણ યોજના
VANBANDHU KALYAN YOJANA

'આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસ'
૯ ઓગસ્ટ ૨૦૧૭



શ્રી નરેન્દ્રભાઈ મોદી
વડાપ્રધાન, ભારત



શ્રી વિજયભાઈ રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત



મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ
આદિજાતિ વિકાસ માટે લીધા સંવેદનશીલ નિર્ણયો
વનબંધુ સશક્તિકરણ માટેનાં નક્કર પગલાં

- વનબંધુ કલ્યાણ યોજના: આદિજાતિ વિકાસ માટે રૂા.૭૦,૦૦૦ કરોડની ફાળવણી
- પેસા એક્ટની જોગવાઈઓનો સઘન અમલ: આદિજાતિ સમાજને જંગલની જળ-જમીન અને ગૌણ વનપેદાશોના એકત્રીકરણના અધિકારો આપી આર્થિક સશક્તિકરણની પહેલ
- મેડીકલ/ઇજનેર અભ્યાસ માટે આદિજાતિના ૫૩૨૩ વિદ્યાર્થીઓને ખાસ કોચિંગ: ચાલુ વર્ષમાં ૧૪૪૭ વિદ્યાર્થીઓ મેડીકલ પ્રવેશ માટે પાત્ર
- ગુણવત્તાસભર શિક્ષણ માટે ૯૧ એકલવ્ય શાળાઓ: ૩૦,૧૭૨ વિદ્યાર્થીઓને શિક્ષણની સુવિધાઓ
- ૭ મહાનગરોમાં કોલેજકક્ષાએ ભણતા આદિજાતિના વિદ્યાર્થીઓ માટે ૧૦,૫૦૦ વિદ્યાર્થીઓની ક્ષમતાવાળી સમરસ હોસ્ટેલ
- વન અધિકાર અધિનિયમ ૨૦૦૬ હેઠળ ૮૮,૪૦૦ દાવાઓ માન્ય: ૫૧,૦૦૦થી વધુ દાવાઓની ૭/૧૨માં નોંધ પૂર્ણ
- સંકલિત ડેરી વિકાસ યોજના: આદિવાસી મહિલા પશુપાલકોને રોજગારી માટે ૧,૧૪,૩૪૩ દુધાળાં પશુઓનો લાભ
- ટેલેન્ટપુલ યોજના: ૩૫૦૦ જેટલા આદિજાતિના વિદ્યાર્થીઓને અભ્યાસ માટે ઉત્તમ સુવિધાવાળી સ્કુલોમાં પ્રવેશ
- દૂધ સંજીવની યોજના: ૫૧ આદિજાતિ તાલુકાઓમાં ૧૧ લાખ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને લાભ
- સિકલસેલ એનિમિયાના દર્દીઓને માસિક રૂા.૫૦૦ સહાય: સુરત, વલસાડ, નવસારી, વડોદરા, અમદાવાદ ખાતે સારવારની વિશેષ સુવિધાવાળા અલગ વોર્ડની રચના

આદિજાતિઓના સર્વાંગી વિકાસ માટે સરકાર પ્રતિબદ્ધ
શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત